## હૃદયને ગાતા ગીતો

### હોલી આઈ રે



હોલી આયી રે કન્હાઈ, હોલી આયી રે
હોલી આયી રે કન્હાઈ, રંગ છલકે સૂના દે જરા બાંસુરી
હોલી આયી રે કન્હાઈ, રંગ છલકે સૂના દે જરા બાંસુરી
હોલી આયી રે, આયી રે, હોલી આયી રે
આઆઆ બરસે ગુલાલ રંગ મોરે અંગનવા
અપને હીં રંગ મેં રંગ દે મોહે સજનવા
હો દેખો નાચે મોરા મનવા
બરસે ગુલાલ રંગ મોરે અંગનવા, જી મોરે સંગનવા
અપને હી રંગ મેં રંગ દે મોહે સજનવા
તોરે કારન ઘર સે આયી, તોરે કારન હો
તોરે કારન ઘર સે આયી હું, નિકલકે સૂના દે જરા બાંસુરી
હોલી આયી રે કન્હાઈ, રંગ છલકે સૂના દે જરા બાંસુરી
હોલી આયી રે, આયી રે, હોલી આયી રે
આઆઆ છૂટે ના રંગ ઐસી રંગ દે ચુનરિયા
ધોબનીયા ધોયે ચાહે સારી ઉમરિયા, હો મન કો રંગ દેગા સાંવરિયા
છૂટે ના રંગ ઐસી રંગ દે ચુનરિયા, જી રંગ દે ચુનરિયા
ધોબનીયા ધોયે ચાહે સારી ઉમરિયા
મોહે ભાયે ના હરજાઈ, મોહે ભાયેના
મોહે ભાયે ના હરજાઈ, રંગ હલકે સૂના દે જરા બાંસુરી
આઆઆ લકડી જલ કોયલા ભય ઔર કોયલા જલી ભયો રાખ
મેં પાપન ઐસી જલી, ના કોયલા ભયીના રાખ
આઆ હોલી ઘર આયી તુ ભી આજા મુરારી
મન હી મન રાધા રોયે બિરહા કી મારી
હો નાહી મારો પિચકારી, હોલી ઘર આયી તુભી આજા મુરારી, તુ આજા મુરારી
મન હી મન રાધા રોયે બિરહા કી મારી, કાહે છોડી રે કલાઈ કાહે છોડી રે
કાહે છોડી રે કલાઈ, સંગ ચલકે સૂના દે રજા બાંસુરી
હોલી આઈ રે કન્હાઈ રંગ છલકે સૂના દે જરા બાંસુરી
હોલી આઈ રે આઈ રે હોલી આઈ રે
આઈ રે આઈ રે હોલી આઈ રે (૩) હોલી આઈ રે, આઈ રે, હોલી આઈ રે (૩)

**ગીતઃ** શકીલ બદાયુંની **સ્વરઃ** શમશાદ બેગમ **સંગીતઃ** નૌશાદ **ફિલ્મઃ** મધર ઈન્ડિયા **દિગ્દર્શકઃ** મહેબૂબ ખાન **વર્ષઃ** 1957 **કલાકારોઃ** નરગીસ, સુનીલ દત્ત, રાજકુમાર, કનૈયાલાલ, રાજેન્દ્રકુમાર, કુમકુમ, શીલા નાઈક, મુકરી, જિલ્લો, સાજિદખાન, ચંચલ, સિતારા દેવી

ઉત્સવના રંગ વિના હિન્દી ફિલ્મો ભારતીય ન બની શકે. મહેબૂબ ખાને જ ફિલ્મોમાં પહેલીવાર હોળી રમાડેલી અને 'મધર ઈન્ડિયા' તો ભારતીય મનનાં ઘણા બધા રંગો લઈને બની હતી. આ ગીતનાં ફિલ્માંકન માટે મહેબૂબ ખાને શિવની વિશાળ મૂર્તિ અને સામે પોથીયો બનાવડાવેલો અને વચ્ચેની ક્રીડાભૂમિમાં આખું ગામ હોળી રમે છે. આ રમાતી હોળી વચ્ચે રાધા (નરગીસ)ની પીડા પણ છે. જેની સાથે તે હોળી રમતી તે જીવનનાં બધા રંગો લઈને ચાલી ગયો છે. પણ તે તેની પીડા તેના એકાંતમાં જ રાખે છે જેથી કોઈના રંગમાં ભંગ ના પડે. તે મા છે તો પોતાના સંતાનોના રંગમાં ભંગ કેવી રીતે પાડી શકે? ગામનાં આ પાદરે સહુ હોળીમાં મસ્ત છે. 'હોલી આઈ રે કન્હાઈ, હોલી આઈ રે... રંગ છલકે સૂના દે જરા બાંસુરી...' હોળીના ખેલૈયા તો કૃષ્ણ છે. તેમણે ખૂબ હોળી રમી હતી તો તેનું જ આહવાન કરે છે કે ઓ કાન્હા હોળી આવી ગઈ છે ને તેના રંગો છલકી રહ્યા છે તો તારી વાંસળી હવે સંભળાવ.. અમારી પર તારા આશીર્વાદ વરસાવ...

બધા સમૂહમાં હોળી રમી રહ્યાં છે અને તેમાં પોત-પોતાના મનનીય હોળી રમાય રહી છે. 'આઆઆ બરસે ગુલાલ-રંગ મોરે અંગનવા, અપને હી રંગ મેં રંગ દે મોહે સજનવા... હો દેખો નાચે મોરે મનવા, બરસે ગુલાલ રંગ મોરે અંગનવા, જી મોરે અંગનવા... ' મારા અંગ પર ગુલાલનો રંગ વરસી રહ્યો છે. ખીલેલા મૌનનો અને ચડતા પ્રેમનો એ રંગ છે એટલે તે કહે છે કે તારા રંગમાં મને રંગી દે ઓ સજનવા. હોળીમાં બધાનાં એક રંગ થઈ જાય છે અથવા થવા જોઈએ તો જ હોળી. પ્રેમમાં જુદા જુદા રંગ ન હોય, એકરંગ થઈએ તો પ્રેમરંગ. પેલી યૌવના કહે છે કે તારા કારણે જ ઘરથી નીકળીને આવી છે તો વાંસળી સંભળાવી દે... હોલી આઈ રે કન્હાઈ...' કૃષ્ણ જાણે પ્રિયતમ છે ને ગાનારી રાધા છે. ગામનું પાદર રાધા કૃષ્ણ મિલનનું સ્થળ બની ગયું છે.

આ હોળીનો રંગ માત્ર એક દિવસનો ન હોય શકે, કાયમ માટે રંગાયા તો જ સાચી હોળી, 'છૂટે ના રંગ ઐસી રંગ દે ચુનરિયા, ધોબનીયા ધોયે ચાહે સારી ઉમરિયા, હોઓ મન કો રંગ દેગા સાંવરિયા....' જેનો રંગ ક્યારેય ના છૂટે એ રીતે મારી ચુંદડીને રંગી દે. એવી રંગી દે કે પછી ધોબી આખી જિંદગી ધોયા કરે તોય તેનો રંગ ના જાય. એ ધોબી એટલે સ્વયં જિંદગી. જિંદગી અનેક રીતે તમારા રંગ ઉતારવા મથે પણ પ્રેમનો રંગ પાકો હોય તો તે કદી ન ઉતરે. બસ મનને એ રીતે રંગશે સાંવરિયો... મોહે ભાયે ના હરજાઈ, રંગ હલકે, સૂના દે જરા બાંસુરી.. મને હરજાઈ નથી ગમતા. જેના કોઈ ઠેકાણા ન હોય, સ્થિર ન હોય, આવારા હોય તે મને નથી ગમતા. મને હલકા રંગ નથી ગમતા. રંગ હોય તો પાકા હોવા જોઈએ.. સૂના દે જરા બાંસુરી...

આખું ગીત હોળીમાં મત છે ને ત્યાં દૂર એક રાધાની પીડા છે. તેની પીડા એ છે કે લાકડું બળીને કોલસો થયું ને કોયલો બળીને રાખ થયો પણ હું એવી પાપણ છું કે જે બળી તો ખરી પણ ન કોલસો બની કે ન રાખ થઈ શકી. એની નિયતી જ કાંઈ જૂદી થઈ. તેનું મન આ હોળીના રંગમાં ગાય રહ્યું છે, હોળી તો ઘરે આવી ગઈ તો તું ય આવી જા મુરારી. મનમાંને મનમાં રાધા વિરહની મારી રડી રહી છે.. એવામાં મને તમે પિચકારી ન મારો.... ઘરે આવો. તમે મારો હાથ કેમ છોડ્યો? હવે આવો ને મારી સાથે ચાલીને વાંસળી સંભળાવો.. હોલી આઈ રે.. આઈ રે.. હોલી આઈ રે...



આ શકીલ બદાયુંનીએ લખેલું હોળીગીત છે. આઝાદીના વર્ષોની આ ફિલ્મ છે અને ત્યારે હિન્દુ-મુસ્લિમ એકતા માટે ફિલ્મો પણ મથામણ કરતી હતી. મહેબૂબ ખાન તો એ જ રાષ્ટ્રભાવથી જીવ્યા અને શકીલ સાહેબ, નૌશાદ અહીં સાથે મળી ગીત રચે છે જે શમશાદ બેગમના સ્વરમાં ગવાયું છે. હોળીનો રંગ આ જ તો છે!





ફિલ્મોનિયા

# અમિતાભની જોડી કોની સાથે વધુ જામેલી?

## રાજેશ ખન્ના, વિનોદ ખન્ના, ધર્મેન્દ્ર, શત્રુઘ્ન કે શશીકપૂર?



મોટા સ્ટાર્સ સાથે બીજા મોટા સ્ટાર્સ યા પોતાને મોટા માનતા સ્ટાર્સ સાથે કામ કરતા નથી અથવા સોવાર વિચારે છે. દિલીપકુમાર સાથે રાજકપૂરની એક જ ફિલ્મ છે. દેવ આનંદની એક જ ફિલ્મ છે, રાજકુમારની બે જ ફિલ્મ છે, અમિતાભ બચ્ચનની એક જ ફિલ્મ છે. રાજકુમાર સાથે ય તેમના સમયના ઘણા અભિનેતા કામ કરવા તૈયાર નહોતા. અલબત્ત, શમ્મી કપૂર, સુનીલ દત્ત, ધર્મેન્દ્ર, શશીકપૂર વગેરેની એક - બે ફિલ્મો મળશે. રાજકુમાર અને અમિતાભ બચ્ચન નહોતા ટકરાયા. ધર્મેન્દ્રને પણ બીજા સ્ટાર્સની હાજરી નહોતી ગમતી એટલે રાજેન્દ્રકુમાર, મનોજકુમાર, શત્રુઘ્ન સિંહા, શમ્મી કપૂર સાથે તમને વધારે જોવા નહીં મળે. હમણાં જ જેકી શ્રોફે કહેલું કે 'પરિંદા'માં તેના મોટાભાઈની ભૂમિકા નસીરુદ્દીન કરવાના હતા તો અનિલને થયું કે નસીર તેને ખાઈ જશે એટલે જેકીને લેવડાવેલો. જો કે 'પરિન્દા'માં શ્રેષ્ઠ અભિનયનો એવોર્ડ પછી જેકી શ્રોફ જ લઈ ગયેલો.

આવા સંજોગોમાં અમિતાભ બચ્ચને જે જે અભિનેતા સાથે પરદા પર કામ કર્યું તેનો ય વિચાર કરી જોવા જેવો છે. અમિતાભ પોતે તો બહુ જ પ્રોફેશનલ એટિટ્યૂટવાળા છે અને તેથી કોઈ સાથે કામ કરવામાં તેમને વાંધો નહોતો પણ દિલીપકુમાર જેવા પણ તેની સામે ઊભા રહેવા તૈયાર નહોતાં જો કે અમિતાભયુગ શરૂ થયો ત્યારે દિલીપકુમાર હીરો તરીકે નિવૃત્ત થઈ ચુકેલા હતા. અમિતાભની પહેલી ટક્કર રાજેશ ખન્ના સાથે જ થયેલી પણ 'આનંદ' વખતે રાજેશ ખન્ના જ સુપરસ્ટાર હતા, તે અમિતાભ તો આરંભ કરી રહ્યા હતા. એ ફિલ્મ પછી અમિતાભ સ્ટાર બની ગયા હતા ને તેથી 'નમકહરામ' વખતે બંને પાસે કામ લેતાં ઋષિકેશ મુખરજી પ્રત્યેની આમન્યા મહત્ત્વની બની ગયેલી. આ બે ફિલ્મ પછી બંનેને સાથે લાવવામાં પરસેવો પડે તેમ હતો.

અમિતાભની જે પુરુષ અભિનેતા સાથેની જોડી સૌથી ઓછા ટેન્શનવાળી હતી તે શશીકપૂર સાથેની હતી અને તેથી તેઓ કુલ ૧૩ ફિલ્મોમાં સાથે દેખાયા હતા, પણ એ જોડી પહેલાં અમિતાભની ટક્કરની જોડી વિનોદ ખન્ના સાથે રહી હતી. 'રેશ્મા ઔર શેરા'માં બંને સાથે આવ્યા ત્યારે અમિતાભ તો નવા હતા અને યાદ હોય તો એ ફિલ્મમાં વિનોદ ખન્નાનું નામ વિજય હતું. પછી તેઓ 'હેરાફેરી', 'ખૂન પસીના', 'પરવરીશ', 'અમર અકબર એન્થની', 'મુકદ્દર કા સિકંદર' અને આમ તો 'ઝમીર'માં પણ તેઓ સાથે હતા. લોકો ત્યારે બેમાંથી કોણ વધુ પાવરફુલ એક્ટર તેનો હિસાબ લગાવતા પણ અમિતાભ તે વખતે પણ પ્રોફેશનલી સ્વસ્થ રહી વિનોદ ખન્ના જ નહીં ધર્મેન્દ્ર, શત્રુઘ્ન સિંહા, શશીકપૂર સાથે કામ કરતા હતા. આ બધામાં ધર્મેન્દ્ર અને શશી કપૂર તો અમિતાભના સિનીયર પણ કહેવાય. ધર્મેન્દ્ર સાથે અમિતાભની 'શોલે', 'ચૂપકે ચૂપકે' અને 'રામ બલરામ' છે.

ત્રણેમાં બન્ને જાનદાર રહ્યા છે. પણ અમિતાભ સામે શત્રુઘ્નને ખૂબ દોસ્તી તો ય પરદા પર જામ્યું નથી. મૂળ શત્રુઘ્નની એક્ટર તરીકેની ઈમેજમાં પણ ખુદ્દારી છે ને અમિતાભની ઈમેજમાં અંદરથી જાગેલું સ્વમાન છે. એક્ટર તરીકે તેઓ ટકરાય તે પહેલાં ઈમેજ જ ટકરાય તેમ હતી. છતાં 'બોમ્બે ટુ ગોવા', 'કાલા પત્થર', 'દોસ્તાના', 'શાન' અને તે પહેલાં 'રાસ્તે કા પત્થર' અને 'પરવાના'માં તેઓ સાથે હતા. શત્રુઘ્ન કરતાં અમિતાભ જ સારા એક્ટર પણ શત્રુઘ્નમાં જે સ્ટાઈલ હતી, જે રોબ હતો તે તેનો સિક્કો હતો. જેમ રાજકુમાર બીજા ન હોય શકે તેમ શત્રુઘ્ન ન હોય શકે પણ અમિતાભ સામે ટક્કર લેવી ખોટી. એ નહીં ગાંઠે.

શશીકપૂર - અમિતાભ જોડીમાં આવ્યા છે તો પરદા પર સારું લાગ્યું છે. 'ઈમાન ધરમ', 'દિવાર', 'અકેલા','કાલા પત્થર', 'ત્રિશૂલ', 'દો ઔર દો પાંચ', 'સુહાગ', 'નમકહલાલ', 'કભી કભી', 'સિલસિલા' અને તે પહેલાં 'રોટી કપડા ઔર મકાન'. મનમોહન દેસાઈ, યશ ચોપરા, રમેશ સીપ્પીએ તેમને જોડીમાં ચમકાવ્યા ત્યારે તેમને ટેન્શન નહોતું. સેટ પર દોસ્તીનુમા વાતાવરણ રહેતું. બાકી, બે મોટા એક્ટરના ઈગો લડતા જ હોય છે. ઘણીવાર તો અધવચ્ચે ફિલ્મ અટકી ગઈ છે. શશી કપૂર બહુ સંસ્કારી અને વ્યવહારડાહ્યા અભિનેતા હતા અને અમિતાભ સાથે ફાવતું એટલે પોતે 'અજૂબા' બનાવી તો હીરો તરીકે અમિતાભને જ લીધા હતા.

ફિલ્મ જગતમાં બે યા ત્રણ હીરો સાથે કામ કરે તો ફિલ્મને લાભ થાય છે, પણ મલ્ટીસ્ટાર ફિલ્મ બનાવવાનાં જોખમ બહુ હોય છે. સલમાન, શાહરૂખ, આમીર, રીતિક વગેરે એકબીજા સામે કતરાતા હોય છે. આવા સ્ટાર લો તો પટકથા પણ જબરદસ્ત હોવી જોઈએ કે કોઈને એવું ન લાગે કે પેલાની ભૂમિકા મને ખાઈ ગઈ. એમ બને તો કારકિર્દીમાં પણ ઉથલપાથલ મચી જતી હોય છે. બાકી, ફિલ્મમાં જબરદસ્ત અભિનેતા એક જ હોય તો લોકોને મઝા પડી જતી હોય છે, પણ તે માટે 'સંગમ', 'વક્ત', 'આનંદ', 'શોલે', 'દિવાર', 'ત્રિશુલ' જેવી ફિલ્મો બનવી જોઈએ.







## હોલી... હૈ....

અત્યારની ફિલ્મો લોકોત્સવથી દૂર જવા માંડી છે. પ્રકૃતિનાં ઉત્સવોથી દૂર જઇ ચૂકી છે. વસંત, વરસાદ, શિયાળો અને હોળી, દિવાળી, ગણેશોત્સવ, જન્માષ્ટમી, શિવરાત્રિ આપણી ફિલ્મોમાં બહુ ઉજવાતી નથી. વચ્ચે વચ્ચે આ ઉત્સવો દેખાય તો ખુશ થવાનું પણ તેના રંગો બહુ ઓછા જોવા મળે છે. હોળી છે તો તેની વાત કરીએ. હિન્દી ફિલ્મોમાં હોળી એટલે આમ તો ધૂળેટી. 'હોલી કે દિન દિલ મીલ જાતે હે, રંગો મેં રંગ ખીલ જાતે હે...' 'શોલે'માં હોળી ગીત હતું તે લોકોએ ખૂબ માણેલું. એ જ રીતે 'સિલસિલા'માં અમિતાભ બચ્ચને ગાયેલું અને અમિતાભ, રેખા, સંજીવકુમાર પર ફિલ્માવાયેલું ગીત છે, 'રંગ બરસે ભીગે ચુનરવાલી...' પ્રેમ અને વ્યભિચાર બંનેના રંગ એક સાથે આ ગીતમાં છે. 'સોને કી થારી મેં જો ના પરોસા અરે ખાયે ગોરી કા યાર, બલમ તરસે રંગ બરસે...' 'અરે બેલા ચમેલી કા સેજ બિછાયા, સોએ ગોરી કા યાર, બલમ તરસે... રંગ બરસે.' હોળી ગીતોમાં આ પ્રકારની અભદ્રતા માન્ય ગણવામાં આવે છે. 'આજ ના છોડેંગે બસ હમ જોલી ખેલેંગે હમ હોલી. ખેલેંગે હમ હોલી... ચાહે ભીગે તેરી ચુનરીયા, ચાહે ભીગે ચોલી... ખેલેંગે હમ હોલી.' મતલબ કે જે દિવસે હોળીની પૂજા કરીએ છીએ તે નહીં, ધૂળેટી ખેલીએ છીએ તેને જ હોળી ગણવી. બંને ઉત્સવ એક જ ઉત્સવના રંગ છે.

હોળી ગીતો આજની ફિલ્મોમાં પણ આવે છે. 'યે જવાની હે દીવાની'માં 'બાલમ પિચકારી જો તુને મુઝે મારી તો સીધી સાદી છોરી શરાબી હો ગઇ, હાં જીન્સ પહન કે જો તુને મારા ઠુમકા તો લટ્ટુ પડોશન કી ભાભી હો ગઇ...' પરંતુ 'બાગબાન'માં અવધની હોળી યાદ કરાવવામાં આવે છે. 'હોલી ખેલે રઘુવીરા અવધ મેં હોલી ખેલે રઘુવીરા...' પણ તેમાંય 'તનિક શર્મ નહીં આયે દેખે નાહી અપની ઉમરિયા, હો સાઠ બરસ મેં ઈશ્ક લડાયેં... મુખડે પે રંગ લગાયે, બડા રંગીલા સાંવરિયા.' આપણા ફિલ્મવાળાઓ હોળી ગીતના હલકા ઇશ્કીયા રંગ લખવા ટેવાયેલા છે. 'ડર'માં ગીત છે, 'અંગ સે અંગ લગાના સજન હમેં એસે રંગ લગાના...' તેમાં તો 'ઉપર ઉપર રંગ લગૈયો, ના કરિયો કુછ નીચે, મોસે કુછ ના બોલ, ખડી તે ચુપ સે અંખિયા મીંચે' જેવી પંક્તિઓ છે.





ઉત્સવ

સેન્સર બોર્ડવાળા પણ ગીતને સાંભળ્યા વિના મંજૂર કરી દે છે. યશ ચોપરા પોતાની ફિલ્મમાં હોળી ગીત રાખવાના આગ્રહી હતા એટલે 'ડર', 'સિલસિલા' જ નહીં 'મશાલ'માં પણ 'ઓ હોલી આઇ, હોલી આઇ દેખો હોલી આઇ રે... ખેલો ખેલો રંગ હે, કોઇ અપને સંગ હે...' ગીત છે. ને પરદા પર દિલીપકુમાર સાથે વહીદા રહેમાન છે. સંજયલીલા ભણશાલીએ 'બાજીરાવ મસ્તાની'માં 'મોહે રંગ દો લાલ નંદ કે લાલ, છેડો નહીં બસ રંગ દો લાલ' ગીત સમાવેલું. પણ જૂની ફિલ્મોમાં હોળી ગીતો જરા જૂદા ભાવ સાથે આવતા. મહેબૂબ ખાને 'મધર ઇન્ડિયા'માં 'હોલી આઇ રે કન્હાઇ રંગ બરસે, સૂનાદે જરા બાંસુરી...' શકીલ બદાયુનીએ લખેલું એ ગીત નૌશાદે શમશાદ બેગમ પાસે ગવડાવેલું. એ જ રીતે 'હોલી રે હોલી, રંગો કી હોલી' ગીત છે. 'કામચોર'માં ગીત છે, 'મલ દે ગુલાલ મોહે કે આઇ હોલી આઇ રે...' આ હોળી ગીતોની શરૂઆત ઠેઠ 1940થી થઇ છે. મહેબૂબ ખાને 'ઔરત' ફિલ્મમાં એક ગીત સમાવેલું...'જમુના તટ શ્યામ ખેલે હોરી, વૃંદાવન મેં ધૂમ મચી હે ઉડે હવા મેં ગુલાલ'. ગીત લખેલું સફદર આહ સીતાપુટીએ અને ગાયેલું આજના ગોવિંદાના પિતા અરુણ આહુજા, જ્યોતિ અને સરદાર અખ્તરે. સંગીતકાર અનિલ બિશ્વાસ હતા. મહેબૂબ ખાન હંમેશા આવા ઉત્સવો ફિલ્મોમાં સમાવતા. 1970માં 'હોલી આઇ રે' ફિલ્મ આવી હતી જે વિજય ભટ્ટે બનાવેલી. ગીત હતું 'હોલી આઇ રે આઇ રે આઇ રે... અંગ અંગ મેં અગન લગાતી મદન જગાતી, ઝૂમતી ગાતી હોલી આઇ રે...' 'હોલી આઇ રે' નામે ફિલ્મ બની તો 'ફાગુન' નામે પણ બની છે. નઝીર ખય્યામીએ લખ્યું છે, 'ઇમાન કો ઇમાન સે મિલાવો, ઇરફાન કો ઇરફાન સે મિલાવો, ઇન્સાન કો ઇન્સાન સે મિલાવો, ગીતા કો કુરાન સે મિલાવો, દેર-ઓ-હરમ મેં હો ના જંગ, હોલી ખેલો હમારે સંગ...' છાયા ગાંગુલીએ ગાયેલું ને મુઝફ્ફર અલીનાં સ્વરાંકનવાળું ગીત છે. 'જબ ફાગુન રંગ ઝમકતે હે, તબ દેખ બહારેં હોલી કી...! 'બંદી' નામની ફિલ્મ 1978માં આવેલી તેમાં ઇન્દીવરે લખ્યું છે, 'રંગે ના મન રંગ મેં અગર, પ્રિત ના જાયે ધોલી, તન ભીગે મન ભીગે નહીં હોલી કૈસી હોલી' અને 'દિલ્લગી' ફિલ્મમાં ગીત છે, 'કર ગઇ મસ્ત મુઝે ફાગુન કી હવા...' 1960માં 'બંજારન' ફિલ્મ આવેલી. તેમાં ભરત વ્યાસનું ગીત છે 'હો ધનન ધનન ધન બાજે મૃદંગ... રે ઝનન ઝનન ઝનન ઝાંકે કંગ દેખો જમુના કે તટ પે આયે યે... બંસી કે બાત પે નટખટ નટવર બંસી બજાયે...' અને 'ફૂલ ઔર પત્થર'માં હોળી છે ત્યારે 'લાયી હે હજારો રંગ હોલી, કોઇ તન કે લિયે કોઇ મન કે લિયે...' હિન્દી ફિલ્મોને હોળી ગીત વિના ન ચાલે કારણ કે તે લોકમનનો ઉત્સવ છે.